કવિ, તત્ત્વચિંતક અને ગદ્યલેખક તરીકે

# 'સાગર'

# ગ્રન્થ-૧

વિભાગ ૧:- જીવન રેખા.
વિભાગ ૨:- કવિ તરીકે 'સાગર'.

કવિ, તત્ત્વચિંતક અને ગદ્યલેખક તરીકે

'સાગર'

# વિભાગ ૧

# જીવનરેખા

પ્ર.૧ સંસ્કાર-વારસો.

પ્ર.૨ રાગ અને વિરાગની વચ્ચે.

પ્ર.૩ સ્નેહયોગનો પૂજારી.

પ્ર.૪ આત્મસાધના અને તે પછીનું જીવન.

પ્ર.૫ સાહિત્યિક જીવન અને તેમનાં પ્રેરક બળો.

Part-A

# પ્રકરણ ૧

# સંસ્કારવારસો.

Chap-1



## પ્રકરણ - ૧

## સંસ્કાર વારસો

પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિના સંઘર્ષ દ્વારા ભારતમાં થયેલા ક્રાન્તિકારક પરિવર્તનમાં ૧૯મી સદીના ઉત્તરાર્ધે અતિ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. અંગ્રેજી કેળવણીનો પ્રારંભ ઇ.સ. ૧૮૧૭માં કલકત્તામાં સૌ પ્રથમ અંગ્રેજી શાળાની સ્થાપના દ્વારા રાજા રામમોહનરાય અને ડેવિડ હેરના સંયુકત સહકારથી થયેલો. સુરતમાં ઇ.સ. ૧૮૪૨માં અંગ્રેજી શાળા અને ઇ.સ. ૧૮૫૧માં ફોર્બસ સાહેબની 'લિટરરી સોસાયટી' ની સ્થાપના થઇ હતી. ઇ.સ. ૧૮૨૦માં મુંબઇ સરકારે 'એજયુકેશન સોસાયટી' સ્થાપીને ગુજરાતમાં અંગ્રેજી કેળવણીના શ્રીગણેશ માંડયા હતા. ઇ.સ.૧૮૨૫માં શ્રી. રણછોડભાઇ ઝવેરી દ્વારા ભરૂચમાં સરકારે "નેટિવ એજયુકેશન સોસાયટી"-ની સ્થાપના પણ કરેલી. અંગ્રેજી કેળવણીના પ્રારંભ સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સમાજ સુધારણા, ધાર્મિક સુધારણા અને સાહિત્ય ચર્ચા માટે વિવિધ સંસ્થાઓ પણ સ્થાપવામાં આવી હતી. આ જ હેતુઓની સિધ્ધિ માટે "અન્યોન્ય બુધ્ધિવર્ધક સભા" અને "ગુજરાત વર્નાકયુલર સોસાયટી" જેવી સંસ્થાઓની સ્થાપના પણ થઇ હતી. આ ઉપરાન્ત 'સ્વામીનારાયણ સંપ્રદાય,' 'આર્ય-સમાજ,' 'થિયોસોફીકલ સોસાયટી' અને 'પ્રાર્થના સમાજ' જેવી સંસ્થાઓ ઓગણીસમી સદીના મધ્યમાં ગુજરાતમાં ધાર્મિક સુધારણાને પોતાનું મુખ્ય લક્ષ્ય રાખી રચવામાં આવી હતી.[૧]

અમદાવાદમાં સમાજ સુધારણાના એક માત્ર આદર્શને લક્ષ્યમાં રાખી સાંસ્કૃતિક આંદોલન જગાવી શ્રી. ભોળાનાથ સારાભાઇ દિવેટિયાએ

.........

[૧] મણિલાલ નભુભાઇ દ્વિવેદી - 'સાહિત્ય સાધના'- લે. ધીરૂભાઇ ઠાકર, પૃ.૧

૨

શ્રી. મહીપતરામ રૂપરામ નીલકંઠની સહાયથી 'પ્રાર્થના સમાજ'ની સ્થાપના કરી હતી[2]. એમાં દર રવિવારે એકેશ્વરના સિધ્ધાન્ત ઉપર રચાયેલી 'ઇશ્વર પ્રાર્થનામાળા'માંથી પ્રાર્થના કરવામાં આવતી. શ્રી. મહીપતરામના મિત્ર શ્રી. નવલરામ 'શ્રી. પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજ'ના વાઇસ પ્રિન્સિપાલ હતા. તે સમયે શ્રી. મહીપતરામ પ્રિન્સિપાલ હતા. 'પ્રાર્થના સમાજ'ની ઇતર પ્રવૃત્તિઓમાં દર રવિવારે સમાજના સભ્યોની સમૂહ પ્રાર્થના થતી. તે ઉપરાન્ત 'પ્રાર્થના સમાજ' દ્વારા એક શાળાનું સંચાલન પણ કરવામાં આવતું હતું. આ શાળામાં માનદ્ શિક્ષક તરીકે શ્રી. મહીપતરામના એક યુવાન શિષ્યે ખૂબ પ્રેમથી પોતાની સેવા આપવાનું સ્વીકાર્યું હતું. એમનું નામ શ્રી. દામોદરદાસ રણછોડદાસ ત્રવાડી[3].

ઇ.સ. ૧૮૭૫-૭૬ની એ સાલ હતી. શ્રી. મહીપતરામના પ્રિન્સિપાલ પદે ચાલતી "મહીપતરામની નિશાળ" જોયા પછી એમના શિષ્યો પ્રત્યેના શ્રી. મહીપતરામના સહચાર અને સદ્ભાવની અનેક વાતો શ્રી. દામોદરદાસે સાંભળેલી હોવાને પરિણામે "એ ગુણયુકત પુરુષના વ્યકિતત્વે" શ્રી. દામોદરદાસના હૃદય ઉપર કબજો જમાવ્યો હતો. એમને મળતી માસિક સ્કૉલરશીપ છોડી દઇને, અંગ્રેજી અભ્યાસ પણ પડતો મૂકીને શ્રી. દામોદરદાસ શ્રી. મહીપતરામની ટ્રેનિંગ કૉલેજમાં દાખલ થયા હતા. તાલીમ પૂરી કર્યા પછી ઇ.સ. ૧૮૭૮માં તેમણે શિક્ષક તરીકે એમની કારકિર્દીનો પ્રારંભ કર્યો.[4]

.............

[2] એજન, પૃ. ૨

[3] શ્રી. દામોદરદાસ રણછોડદાસ ત્રવાડીની જીવનરેખા લે. "સાગર" 'મોઢ બ્રાહ્મણ શુભેચ્છક' અંક૧- પૃ. ૩

[4] એજન, પૃ. ૩.

परोपकारार्थमिदं शरीरम् । ——— એ પ્રિન્સિપાલ શ્રી. મહીપતરામ નીલકંઠનું જીવનસૂત્ર હતું, અને એમની ટ્રેનિંગ કૉલેજના યુવાન શિક્ષક હૃદયો પર પણ એની સચોટ છાપ પડતી. આજ સૂત્ર જીવનના આદર્શ તરીકે શ્રી.મહીપતરામના આ યુવાન શિષ્યે પણ એમની પાસેથી પ્રાપ્ત કર્યું હતું. શ્રી. મહીપતરામના પરોપકારી હૃદય પ્રત્યેની પ્રેમભક્તિની ભાવના જ શ્રી. દામોદરદાસના ટ્રેનિંગ કૉલેજના શિક્ષણ માટે કારણભૂત હતી. શ્રી. દામોદરદાસની નોકરીનો પ્રારંભ અમદાવાદની પહેલા નંબરની શાળાથી થયેલો, અને એ શ્રી. મહીપતરામના પ્રીતિપાત્ર અનન્ય શિષ્ય હોવાને કારણે જ 'પ્રાર્થના સમાજ' સંચાલિત શાળાના માનદ્ શિક્ષક તરીકેનું કાર્ય પણ એમને જ સોંપાયેલું.

કેળવણી, સમાજ અને ધર્મસુધારણાની આ સદીમાં 'પ્રાર્થના સમાજ'ના કાળામાં શ્રી. દામોદરદાસે પણ નોંધપાત્ર સેવા આપેલી. 'પ્રાર્થના સમાજ'ના અહેવાલમાં અને તે અરસાના 'બુદ્ધિપ્રકાશ'માં પણ શ્રી. દામોદરદાસની કર્તવ્યભાવનાથી સંતોષાઇ શ્રી. ભોળાનાથ સારાભાઇ દિવેટિયા તેમ જ શ્રી. મહીપતરામ નીલકંઠે એમને પાઘડી વગેરે સરપાવ આપી એમની સેવાનો પણ પ્રશસ્ય ઉલ્લેખ કર્યો હતો. પરિણામે શ્રી. મહીપતરામ નીલકંઠ સાથે શ્રી. દામોદરદાસનો પ્રેમભર્યો સંબંધ ઇ.સ. ૧૮૯૧ સુધી – એટલે કે શ્રી. મહીપતરામના દેહાન્ત સુધી રહ્યો હતો.[૫]

શ્રી. મહીપતરામ નીલકંઠ દ્વારા શ્રી. દામોદરદાસના જીવનમાં રોપાયેલા પરોપકાર અને સેવાવૃત્તિના સંસ્કારો કેવી રીતે દૃઢ થયા અને એમનું સમગ્ર જીવન સમાજ સુધારણા માટે એમણે કર્તવ્યપરાયણ શિક્ષક તરીકે કાર્ય કરતાં કરતાં કેવી રીતે અર્પી દીધું તે આપણે વિગતે તપાસીએ.

...........

૫. એજન, પૃષ્ઠ ૩.

૪

શ્રી. ભોળાનાથ અને શ્રી. મહીપતરામ સાથેના દૃઢ સંબંધને પરિણામે ગૃહસ્થ જીવનના પ્રારંભ કાળમાં જ શ્રી. દામોદરદાસના હૃદય ઉપર પ્રાર્થના-સમાજના સંસ્કાર પડતાં, "જનસેવાનો શાશ્વત ધર્મ એ જ ઇશ્વરની ખરી ભકિતનું આવશ્યક અંગ છે", એ પ્રાર્થના સમાજનું તત્ત્વસૂત્ર એમણે પણ જીવનસિધ્ધાંત તરીકે સ્વીકારેલું અને પરિણામે સ્નેહ, હિત અને ઔદાર્યના ગુણો એમના જીવનમાં પણ વિકસેલાં.[૬]

ઇ.સ. ૧૮૭૦-૭૫ ના અરસામાં શ્રી. મહીપતરામનાં પત્ની પાર્વતીકુંવરે અન્ય વિદ્દાન અંગ્રેજ સ્ત્રીઓના સહકારથી ગુજરાતમાં સ્ત્રી અધ્યાપન પાઠશાળાની સ્થાપના કરી હતી. સ્ત્રી શિક્ષણનું સાચું મૂલ્ય શ્રી. દામોદરદાસને સમજાતાં તેમની પત્ની રુક્ષ્મણીબેનને આ સ્ત્રી અધ્યાપન પાઠશાળામાં શિક્ષિકા માટેની તાલીમ અપાવી પોતાની સાથે જ તેમને પણ શિક્ષિકા તરીકેની નોકરીમાં ઇ.સ. ૧૮૭૯-૮૦ માં જોડેલાં[૭].

ગુજરાતમાં "સર્વોપરી અને બહુ પ્રતિષ્ઠાપાત્ર શિક્ષકો" તરીકે આ શિક્ષક દંપતીએ અનેક જગ્યાએ બહુમાન પ્રાપ્ત કર્યું હતું. તે સમયના કેળવણી ખાતાના ઇન્સ્પેકટર મિ. જાઇલ્સે એમને માટે સુંદર અભિપ્રાય વ્યકત કર્યો હતો.[૮]

ઇ.સ. ૧૮૮૦-૮૩ દરમિયાન જંબુસરમાં, ઇ.સ. ૧૮૮૩-૮૪ માં ધોલેરામાં અને ઇ.સ. ૧૮૯૪ થી ૧૮૯૯ માં ધોળકામાં તેમની બંનેની સાથે જ બદલી થયેલી.

...........

[૬] એજન, પૃષ્ઠ - ૪

[૭] "સાગર' - જીવન અને કવન" પૃ. ૩, તથા શ્રી. દામોદરદાસ ત્રવાડીની જીવનરેખા, પૃ. ૪

[૮] The Dholera Pair are the best and most respectable teachers in Gujarat No. 994 of 1891.

"'સાગર' જીવન અને કવન" પૃ-૪ તથા શ્રી. દામોદરદાસ ત્રવાડીની જીવન રેખા, પૃ-પ.

૫

ઇ.સ. ૧૮૮૩ ના ફેબ્રુઆરીની સાતમી તારીખે દર ચૌદ વર્ષે આવતા મહોદય પર્વને દિને એમના જયેષ્ઠ પુત્ર શ્રી. જગન્નાથનો જેબુસરમાં જ જન્મ થયેલો[૯]. ઇ.સ. ૧૮૮૪ માં શ્રી. દામોદરદાસે ધોલેરાની મ્યુનિસિપાલિટીની અને ત્યાંના ઉદાર સદ્ગૃહસ્થોની મદદથી એક ઇંગ્લીશ સ્કૂલની ધોલેરામાં સ્થાપના કરી હતી.[૧૦]

પોરબંદરના દેશી રજવાડા માટે ત્યાંના એડમિનિસ્ટ્રેટર ઑનરેબલ સર લેલીએ એક ઉત્તમ શિક્ષક માટે પૂછાવતાં રા.સા. મહીપતરામે એમને લખેલા એક પત્રમાં શ્રી. દામોદરદાસનું નામ સૂચવીને જણાવ્યું હતું કે, "ગુજરાતમાં મારી પાસે શિખેલા શિક્ષકોમાં ઉત્તમ શિક્ષક તરીકે હું એમને પસંદ કરું છુ અને પોરબંદર સ્ટેટના કેળવણીખાતા માટે એ ઉપયોગી પુરુષની નોકરી બ્રિટીશ સરકાર પાસેથી ઉછીની લેવાને હું આપને ખાસ ભલામણ કરું છું."[૧૧] સ્વતંત્ર વ્યક્તિત્વ હોવાને કારણે શ્રી. દામોદરદાસે દેશી રજવાડાની આ નોકરી સ્વીકારેલી નહીં.

ઇ.સ. ૧૮૯૧ માં કપડવંજમાં એમની બન્નેની બદલી થયેલી અને એમની પ્રતિભા, પરોપકારવૃત્તિ તથા સર્વ પ્રત્યેના સમભાવ અને શુભ લાગણીને કારણે ત્યાંના સરકારી અમલદારો કરતાં પણ એમણે વિશેષ માન પ્રાપ્ત કરેલું. ઇ.સ. ૧૮૯૯ ના જૂન માસમાં બંનેની બદલી અમદાવાદથી છ માઇલ દૂર આવેલા એમના વતન સરખેજમાં થઇ હતી.[૧૨]

પોતાની જન્મભૂમિમાં પણ અંગ્રેજી કેળવણીનો પ્રારંભ કરવાના દૃઢ નિશ્ચયને મૂર્તસ્વરૂપ આપવાની તક એમને આ રીતે પ્રાપ્ત થઇ અને ઇ.સ. ૧૮૯૯ ના જુલાઇથી એમના એક મિત્ર શ્રી. નારાયણભાઇ મિસ્ત્રીની સહાનુભૂતિથી સરખેજમાં અંગ્રેજી નિશાળની પોતાને ઘેર જ એમણે સ્થાપના કરી. આઠેક માસ આ રીતે શાળા

.......

૯ 'સાગર'ની જીવન નોંધ – "'સાગર' જીવન અને કવન" પૃ. ૪૬૩

૧૦ એજન, પૃ. ૪૬૩

૧૧ દામોદરદાસ ત્રવાડીની જીવનરેખા પૃ. ૫

૧૨ એજન, પૃ. ૬

ચલાવ્યા બાદ લોકોમાં કેળવણી પ્રત્યે રસવૃત્તિ જાગૃત થતાં ઇ.સ. ૧૯૦૦ ના એપ્રિલની પહેલી તારીખે એ નિશાળ 'સરખેજ વર્નાક્યુલર સ્કૂલ' તરીકે ખુલ્લી મૂકવામાં આવી અને ત્યારથી નિશાળ ભાડે રાખવામાં આવેલા મકાનમાં ખસેડાઇ[13].

અંગ્રેજી નિશાળના મકાન માટે ફંડ અને સાર્વજનિક વાંચનાલય અને ઇતર સ્થાયી ફંડ એકઠું કરવા માટે શ્રી. દામોદરદાસે અત્યન્ત પરિશ્રમ લીધો. પોતાની મોઢ બ્રાહ્મણ જ્ઞાતિના બીજા આગેવાન પુરુષોની સંમતિથી એમણે જ્ઞાતિના દરેક પ્રસંગે વરો કરનાર અંગ્રેજી શાળામાં રૂપિયા પાંચ આપે એવો ઠરાવ કરાવ્યો. આ બંને લોકોપકારક સંસ્થાના સંચાલન માટે શ્રી. દામોદરદાસના મંત્રીપદે એક વ્યવસ્થાપક મંડળ નીમવામાં આવ્યું હતું.[14]
કર્તવ્ય કરવાનો સાચો માર્ગ એ છે કે "જાતે કામ કરી બતાવીને દાખલો બેસાડવો જોઇએ" એવી પોતાની દૃઢ માન્યતાનું આચરણ શ્રી. દામોદરદાસે પોતાના જીવનમાં આદરેલા આ લોકોપકારક કાર્ય દ્વારા સિધ્ધ કરી બતાવ્યું, અને એ દ્વારા પોતાના કલ્પનાત્મક સેવાજીવનને "પ્રેકટીકલ નવજીવન"-માં ફેરવી નાંખ્યું.[15]

હિંદની તે સમયની રાજકીય પરિસ્થિતિને કારણે શ્રી. દામોદરદાસના યુવાન હૃદયમાં પણ સ્વદેશાભિમાન, ધર્મ અને દેશની પરિસ્થિતિ અંગેની પ્રબળ ઊર્મિઓ ઉભરાતી હતી. સાહિત્ય પ્રત્યેની અભિરુચિને કારણે એ દેશદાઝને હૈયાવરાળને યૌવનકાળમાં લખાયેલા અને 'બુધ્ધિપ્રકાશ'માં ઇ.સ. ૧૮૮૩ ના જાન્યુઆરી અંકમાં પ્રસિધ્ધ થયેલા "નવા વર્ષ નિમિત્તે પ્રભુ પ્રાર્થના" નામે એક પદ દ્વારા એમણે વ્યકત કરી હતી.[16] અંગ્રેજ સરકારની કડક ટીકા તે જમાનામાં કરીને

...........

૧૩ એજન, પૃ. ૮
૧૪ એજન, પૃ. ૧૦
૧૫ એજન, પૃ. ૬
૧૬ જુઓ પરિશિષ્ઠ ૧

તેને પ્રસિધ્ધ કરવાનું ખમીર દર્શાવનાર શ્રી. દામોદરદાસની પ્રબળ દેશભક્તિનું સુંદર ચિત્ર આ પદમાંથી પ્રતિબિંબિત થાય છે.

સરખેજમાં એમણે સ્થાપેલી અંગ્રેજી નિશાળનું ફંડ ઉઘરાવવા અંગે એમને પડેલા શારીરિક અને માનસિક શ્રમને કારણે એમને "એનિમિયા" નો વ્યાધિ ઇ.સ. ૧૯૦૩ ના નવેમ્બરમાં લાગુ પડયો હતો. અમદાવાદના તે સમયના જાણીતા સ્વદેશપ્રેમી ડૉકટર જોસેફ બેન્જામીને તથા ધોળકાના ડૉકટર બાંકે બિહારી શંકરદત્તે એમનો વ્યાધિ મટાડવા માટે અથાગ પ્રયત્ન કર્યો હતો પણ થોડાક દિવસની માંદગી પછી માત્ર પિસ્તાળીસ વર્ષની વયે એમનો ઇ.સ. ૧૯૦૩ ના ડિસેમ્બરની સત્તરમી તારીખે અકાલ દેહોત્સર્ગ થયો.[૧૭] એમના દેહાંત સમયે અનેક અમલદારોએ આશ્વાસન પત્રો દ્વારા એમની કર્તવ્ય પરાયણતાને તથા એમના વિશુધ્ધ સ્નેહાળ હૃદયને અંજલિ અર્પેલી. સરકારે પણ એમના કાર્યોની કદર કરીને અમદાવાદની ગવર્મેન્ટ હાઇસ્કૂલમાં ભણતા એમના બંને પુત્રોને ફીમાં માફી આપેલી.[૧૮] એમના મૃત્યુ પ્રસંગે,છેલ્લી બિમારીમાં, કર્તવ્યધર્મની ચર્ચાનો પ્રસંગ ઉપસ્થિત થતાં એમણે એમના જયેષ્ઠ પુત્રને પોતે બંગાળાના બાબુ તરફથી મદદ મળેલી હોવાનું જણાવી, પ્રતિષ્ઠિત વ્યકિતઓને એમને ઘેર જઇને પણ ગુપ્તરીતે છપ્પનીઆ દુકાળમાં તેમજ કૉલેરાના ઉપદ્રવ સમયે પોતે મદદ પહોંચાડેલી તેમજ ફંડફાળા કરી, કપડાં, અનાજ, દવાઓ અને ડૉકટરની સગવડ પણ જનતાને આપેલી એટલું જ નહિ પરંતુ લોકોપયોગી તમામ ફંડોમાં જ્ઞાતિના પૈસાપાત્ર લોકો કરતાં સૌથી વધારે રકમો આપેલી તેની વાત કરેલી તે હકીકત એમની કર્તવ્ય-પરાયણતાનું સીમાચિહ્ન બની રહે છે.[૧૯]

.......

[૧૭] "દામોદરદાસ ત્રવાડી જીવનરેખા", પૃ.૧

[૧૮] એજન, પૃ.૧૧

[૧૯] "સાગર' જીવન અને કવન", પૃ.૭ તથા દામોદરદાસ ત્રવાડીની જીવન રેખા, પૃ.૧૨.

૮

શ્રી. દામોદરદાસનું જીવન ખરેજ વિશુધ્ધ, ઔદાર્યપૂર્ણ સેવાભાવી અને સ્વાર્પણમય હતું. પ્રેરણાત્મક, અનુકરણીય અને વંદનીય હતું.[20]

આમ, સ્વતંત્ર સ્વભાવ, સાહિત્ય પ્રત્યેની અભિરુચિ, સ્વદેશાભિમાન, ધર્મ અને દેશની પરિસ્થિતિ અંગેની પ્રબળ ઊર્મિઓ, વિશુધ્ધ કર્તવ્યભાવના, પ્રાર્થનાસમાજમાંથી પ્રાપ્ત થયેલા ઇશ્વરભક્તિના દૃઢ સંસ્કારો, પરોપકાર વૃત્તિ અને જનસેવાનો જીવનઆદર્શ— આ સર્વ ગુણો શ્રી. દામોદરદાસના જીવનના કેટલાક મહત્ત્વના પ્રસંગો ઉપરથી પ્રતીત થાય છે. આ સર્વ ગુણોનો વિપુલ સંસ્કારવારસો એ પોતાના જયેષ્ઠ પુત્ર શ્રી. જગન્નાથને આપી ગયા. જાણે એમના આદર્યાં અધૂરાં કાર્યો એમને જ પૂર્ણ કરવાના ન હોય!

શ્રી. દામોદરદાસ પાસેથી વિપુલ સંસ્કારવારસો પ્રાપ્ત કરનાર વીસ વર્ષના યુવાન શ્રી. જગન્નાથના ચિત્તતંત્ર પર પોતાના પિતાનો અકાલ દેહાંત થતાં પ્રબળ અસર થઇ. આ પ્રસંગ એમના જીવનઘડતરમાં કઇ રીતે સહાયક નીવડ્યો તે હવે આપણે જોઇએ.

...........

20 'દામોદરદાસ ત્રવાડીની જીવનરેખા,' પૃ. ૧૨.